
અર્નેસ્ટનો વારસો


કેથરીન વિન્ડહેમ, ચિત્ર: ફ્રેન્ક હાર્ડી



અલાબામાની એક ઐતિહાસિક સેલ્મા પબ્લીક લાઈબ્રેરી (પુસ્તકાલય) ની શતાબ્દીના અવસર પર, કથાકાર કેથરીન, અર્નેસ્ટ ડોસનની સાચી વાર્તા વર્ણવે છે.

જયારે એ 1930 ના દશકમાં એક નાના બાળક હતા, ત્યારે રંગભેદ અને અલગતાવાદના કાયદાને લીધે ડોસન, સેલ્મા પુસ્તકાલયનો ઉપયોગ કરી શકતા ન હતા. પણ પુસ્તકો પ્રતિ એનો પ્રેમ અને શીખવાની એની ઉત્સુકતા ઘણી પ્રબળ હતી, અને અંતે એ એક શિક્ષક બની ગયા. વર્ષો પછી, એણે સેલ્મા પબ્લીક લાઈબ્રેરીને બાળકોના પુસ્તકોની ભેટ આપી, જેથી બધી જાતિના ઉત્સુક યુવાન પાઠક હંમેશા પુસ્તકોનો જાદુ શોધવા માટે સેલ્મા પુસ્તકાલયમાં આવતા રહે.

અર્નેસ્ટનો વારસો



ચાલ અર્નેસ્ટ, અમે સેલ્મા જઇ રહ્યા છીએ! નવ વર્ષના અર્નેસ્ટન ડોસનને, એને માટે કોઇ આગ્રહની જરૂર ન હતી. એ શહેર જવા માટે આતુર હતો. એ દોડતો વેગન પાસે ગયો અને કૂદીને એમાં બેસી ગયો.

એની માઁ, પર્લી-મે, એના પતિ જેકની બાજુમાં સ્પ્રિંગ સીટમાં બેઠા હતા. અર્નેસ્ટ એના પાપાના ખચ્ચરની લગામ ખેંચવાના અને ચાબુકના અવાજ સાંભળવા માટે રાહ જોતો હતો. જયારે પાપાએ જોરથી "ગીડી-અપ!" કહ્યું તો એ સંકેત હતો કે ખચ્ચરે વેગનને યાર્ડની બહાર ખેંચી લીધું હતું અને હવે એ ધૂળીયા રસ્તા પર સેલ્મા તરફ આગળ વધી રહ્યો હતો. આ બધું શહેર જવાની આચારપદ્ધતિનો એક ભાગ હતો. અર્નેસ્ટને આચારપદ્ધતિ પસંદ હતી.



"સાવધાન રહેજે, અર્નેસ્ટ, પડતો નહીં. જો, રસ્તો બહુ ઉબડ-ખાબડ છે," એની માઁ એ ચેતવણી ઉચ્ચારી. એ ચેતવણી પણ આચારપદ્ધતિનો એક હિસ્સો હતી.

જેવી એણે ગતિ પકડી, એક વેગનનું પૈડું જોરથી કીચૂડાટ કરવા લાગ્યું. "ઘરેથી નીકળતા પહેલા મારે એ પૈડામાં તેલ નાખવું જોઈતું હતું," પાપાએ કહ્યું. "કાશ કે તમે એવું કર્યું હોત," માઁ એ ઉત્તર આપ્યો. "એ અવાજ મને બહુ પરેશાન કરે છે."

પણ એર્નેસ્ટને પૈડાનો કીચૂડાટ પસંદ હતો. એને એવું લાગતું હતું કે પૈડું ગાઈ રહ્યું છે, "સેલ્મા જઈ રહ્યા છીએ! સેલ્મા જઈ રહ્યા છીએ! સેલ્મા જઇ રહ્યા છીએ!" અર્નેસ્ટે યાદ કરવાની બહુ કોશિશ કરી કે એ પહેલી વાર શહેર ક્યારે ગયો હતો, પણ એને એ યાદ ન આવ્યું. "ત્યારે હું બહુ નાનો હોઈશ," એણે ફેંસલો કર્યો, અને ત્યારે એણે આખે રસ્તે માઁ નો હાથ પકડી રાખ્યો હશે.


એને યાદ આવ્યું જયારે એ દાદીએ બનાવેલી રજાઇ પર ગાડીમાં એનું માથું રાખતો હતો. એ સમયે એ ગાડીની બહાર જોવા માટે બહુ નાનો હતો. પણ હવે, એ એના ઉઘાડા પગે રસ્તાને અડતો અને પાછળ સવારી કરતો, બધું જોઈ શકતો હતો - દેવદારના ગાઢ જંગલ, કપાસના ખેતર, મજૂરના ઘરની કતાર, ખાડી, ચર્ચ, ચરતા ઢોર વગેરે. આવતા વર્ષે, 1932 માં, એ દસ વરસનો થશે અને ત્યારે એ વેગન ચલાવી શકશે. એણે એની પથારીની બાજુની દીવાલ પર તારીખ લખી હતી, એના પાપાએ આપેલા વચનની યાદી તરીકે, જયારે એ એને ખચ્ચરની લગામ સંભાળવા આપશે.

એ હવે એટલો મોટો થઇ ગયો હતો કે એ એકલો શહેરમાં ફરી શકતો હતો, એને આખો વખત એની માઁ કે પાપા સાથે રહેવાની જરૂર ન હતી.

ક્યારેક એને લાંબી બેન્ચ પર ચુપચાપ બેસવાનું પસંદ હતું, જ્યાં લોકો યેલો ફ્રન્ટ સ્ટોરની બહાર ભેગા થતા હતા અને પરસ્પર વાતો કરતા હતા. પણ આજે એ શહેરને એકલો શોધવા ચાહતો હતો.


"કચેરીની ઘડિયાળ જોજે અને બાર વાગ્યા સુધી યેલો ફ્રન્ટ પાસે ચોક્કસ આવી જજે," પાપાએ એને કહ્યું.

અર્નેસ્ટને સમય જોતા આવડતું હતું. આગળના રૂમમાં ચીમની ની ઉપરના શેલ્ફમાં રહેલી મોટી ઘડિયાળમાં ચાવી મારવાનું કામ એનું હતું. ક્યારેક જયારે એ ચૂલાની ઉપર ખીલ્લી પર ટાંગેલી પિત્તળની ચાવીથી ઘડિયાળમાં ચાવી મારી રહ્યો હોય, ત્યારે એના પાપા એને કહેતા હતા:



"ઘડિયાળને ક્યારેય બંધ થવા નહીં દેતો. સમય બહુ મહત્વપૂર્ણ છે. ક્યારેય મોડું નહીં કરતો." એટલે અર્નેસ્ટે ક્યારેય મોડું ન કર્યું, એના સમગ્ર જીવનમાં ક્યારેય નહીં.


એ સારી રીતે વાંચી શકતો હતો. એને પુસ્તકો પસંદ હતા. એને એ જગ્યા વિષે વાંચવાનું પસંદ હતું જ્યાં એ ક્યારેય ગયો ન હતો. એને ઇતિહાસને આકાર આપવાવાળા મહત્વપૂર્ણ લોકો વિષે પણ વાંચવાનું પસંદ હતું. રોજ રાતે એ એની બાઇબલ વાંચતો હતો. એણે પોતાને વાયદો કર્યો હતો કે મોટો થઇને એ ઉત્પત્તિથી લઇને સાક્ષાત્કાર સુધીના બધા વિષયો પર વાંચશે.



એ ઇન્ડિયન્સ (સ્થાનીય જનજાતિઓ) વિષે પુસ્તકો વાંચવા ચાહતો હતો. એના પિતાના હળની પાછળ-પાછળ ચાલતા સમયે એ ઇન્ડિયન્સના તીરોના માથા એના ખિસ્સામાં ભરતો રહેતો હતો. એ એવા લોકો વિષે વિચારતો હતો જેણે એ તીરને આકાર આપ્યા હશે અને જે લોકોએ, પ્રાચીન કાળમાં માટીના વાસણો બનાવ્યા હશે.

"જયારે હું મોટો થઇ જઇશ," અર્નેસ્ટ કહ્યા કરતો હતો, "ત્યારે હું મારા ઘરમાં પુસ્તકોથી ભરેલો એક ઓરડો બનાવીશ, જેમાં ભોંયથી છત સુધી પુસ્તકો હશે."

કોઇ જાદુની જેમ, પુસ્તકો પ્રતિ એના પ્રેમે, અર્નેસ્ટને સેલ્મામાં એ ગરમીના દિવસે, અજાણતા જ, કાર્નેગી લાઇબ્રેરીમાં જવા માટે આકર્ષિત કર્યો. એક પુસ્તકાલય! પુસ્તકોથી ભરેલો ફક્ત એક ઓરડો જ નહીં, પણ પુસ્તકોથી ભરેલી આખી ઇમારત! એ પહેલા અર્નેસ્ટ ક્યારેય કોઇ પુસ્તકાલયમાં ગયો ન હતો. કોઇએ એને એ પણ કહ્યું ન હતું કે સેલ્મામાં એક પુસ્તકાલય હતું. પણ હવે એ પુસ્તકાલયની સામે ઉભો હતો. પુસ્તકાલયના પથ્થરના દરવાજા પર "કાર્નેગી લાઇબ્રેરી" કોતરેલું હતું. એને કાર્નેગીનો શું અર્થ હતો એ તો ખબર ન હતી, પણ એ લાઇબ્રેરી શબ્દ ને જાણતો હતો.



અર્નેસ્ટ પગથિયાંથી ઉપર ચઢ્યો અને એણે વજનદાર દરવાજાને ધક્કો મારીને ખોલ્યો. એણે જે રૂમમાં પ્રવેશ કર્યો હતો એવો હોલ એણે પહેલા ક્યારેય જોયો ન હતો. એક પળ માટે એ સ્તબ્ધ થઇ ગયો, અને આશ્ચર્યથી બધી બાજુ જોવા લાગ્યો.

ત્યાં એક લાંબા કાઉન્ટરની પાછળથી એક મહિલાએ કઠોર સ્વરમાં પૂછ્યું, "તું શું ચાહે છે, છોકરા?" એણે ચશ્માની ઉપરથી તાકીને જોયું.

"હું આમાંથી થોડા પુસ્તકો વાંચવા ચાહું છું, મેડમ," અર્નેસ્ટે ઉત્તર આપ્યો.

મહિલાએ વધારે ઘૂરીને જોયું. અને એના અવાજમાં અપમાનની એક તીખી ધાર હતી, કારણકે એણે કહ્યું, "આ પુસ્તકાલયના પુસ્તકો ફક્ત ગોરા લોકો માટે છે. અમે કાળા લોકોને એ વાંચવા માટે આપતા નથી. કૃપા કરીને તું અહીંથી ચાલ્યો જા!"



અર્નેસ્ટ તરત પાછો ફર્યો અને દરવાજાની બહાર નીકળી ગયો. એ ચાહતો ન હતો કે એ મહિલા એને રડતા જુએ.

એનો દિવસ વેડફાઇ ગયો હતો. એ ધીરે-ધીરે આગળ વધ્યો. એણે કંઇ પણ જોવા માટે એનું માથું ઉપર ન ઉઠાવ્યું. એ પાછો ચેલો ફ્રન્ટ સ્ટોર તરફ ચાલવા લાગ્યો. એ બપોરથી પણ વહેલો બેન્ચના એક ખૂણામાં જઇને બેસી ગયો. એણે ઘણી કોશિશ કરી, પણ એ ત્યાં બેઠેલા લોકોની વાતચીત પર એનું ધ્યાન કેન્દ્રિત ન કરી શક્યો. પાપાએ જે હોટ-ડોગ ખરીદ્યો હતો એ પણ એને બેસ્વાદ લાગ્યો. એના કાકાએ એને એક કેન્ડી આપી હતી જે એણે હજી ખાધી ન હતી.

ત્યાર પછી એના પિતરાઇ ભાઇએ આપેલું કસ્ટર્ડ પણ એને સારું ન લાગ્યું. એણે વિચાર્યું કે શું એના પિતરાઇ ભાઇઓએ ક્યારેય પુસ્તકાલય જવાની કોશિશ કરી હતી, પણ એણે એ વાત એને પૂછી નહીં.

અર્નેસ્ટ ઘરે જવા ચાહતો હતો. એ ખુશ થયો જયારે ચર્ચની ઘડિયાળમાં ચાર વાગ્યા. કાકાને બેન્ચ પરથી ઉઠીને એના મિત્રોને આવજો કહેતા જોઇને એને ખુશી થઇ.

"ઘરે જવાનો સમય થઇ ગયો છે," પાપાએ કહ્યું. "મારે અને અર્નેસ્ટે હજી થોડા કામ કરવાના છે, અને અમારે કાલે ચર્ચ જવા માટે તૈયાર પણ થવાનું છે. કાલે સંગીતજ્ઞોની પ્રશંસાનો દિવસ છે. તમે બધા જરૂર આવજો. ત્યાં ખાવા માટે ઘણું હશે. પર્લી-મે નારિયેળની કેક લાવશે - જો અર્નેસ્ટ ચર્ચ પહોંચતા પહેલા એને ખાઇ ગયો ન હોય તો!"

એ લોકો હસ્યા. અર્નેસ્ટે એના પિતાજીની કોમળ મજાક પર સ્મિત કરવાની કોશિશ કરી. એણે માતા-પિતાની ખરીદેલી વસ્તુઓ વેગનમાં ભરવામાં મદદ કરી, કુંડમાંથી ખચ્ચર માટે પાણી લાવ્યો, અને પછી વેગન પાછળ ચઢી ગયો.

વેગનનું પૈડું હજી પણ કીચૂડાટ કરી રહ્યું હતું, પણ હવે એણે અર્નેસ્ટ માટે કોઇ ખુશીનું ગીત ન ગાયું. હવે એને કીચૂડાટનો અવાજ આવો લાગી રહ્યો હતો, "કાળા લોકો માટે કોઇ પુસ્તક નહીં! કાળા લોકો માટે કોઇ પુસ્તક નહીં! કાળા લોકો માટે કોઇ પુસ્તક નહીં!"

એ ઘરે પહોંચવાના જ હતા જયારે એના પાપા એના તરફ વળ્યાં અને પૂછ્યું, "શું વાત છે, બેટા?"

અર્નેસ્ટે આખી નીચ વાત એને એક શ્વાસમાં સંભળાવી. "કેમ, પાપા, કેમ?" એણે ચીસ પાડી. "હું એ પુસ્તકાલયમાં જઈને પુસ્તકો કેમ વાંચી ન શકું? આ વાત વાજબી નથી."

એના પાપાએ તરત કોઈ જવાબ ન આપ્યો. અર્નેસ્ટે વિચાર્યું કે એણે એનો પ્રશ્ન સાંભળ્યો જ નથી. પછી, એક એવા સ્વરમાં જે એણે પહેલા ક્યારેય સાંભળ્યો ન હતો, પાપાએ ધીરેથી કહ્યું, "હા બેટા, એ જરાય વાજબી નથી. આ બરાબર નથી. પણ હકીકત એવી જ છે, જેવી છે. બની શકે છે કે કોઈ દિવસ એ બદલાશે. બની શકે છે. જો એવું થશે તો એ એક ચમત્કાર થશે."

એની માઁ એ કંઇ કહ્યું નહીં, પણ અર્નેસ્ટને લાગ્યું કે એ રડી રહી હતી.

એ પછી એ ત્રણેયે ક્યારેય પુસ્તકાલયનો ઉલ્લેખ ન કર્યો.

અર્નેસ્ટે એ કઠોર તિરસ્કારભર્યા શબ્દોને ભૂલવાની કોશિશ કરી, જેનાથી એને દુઃખ થયું હતું. ઇસાબેલ બેપ્ટિસ્ટ ચર્ચમાં વાદ્ય સંગીતના પ્રશંસા દિવસ પર જવાથી એને મદદ મળી. જયારે એણે લોકોને એની માઁ ની નારિયેળ કેકની પ્રશંસા કરતા સાંભળ્યા, તો એને ગર્વ થયો, અને એણે ત્યારે સ્મિત કર્યું જયારે પાપાના એક મિત્ર એ આખી કેક ન ખાવા માટે આભાર માન્યો. અર્નેસ્ટ જીવનભર એના માતા-પિતા સાથે ચર્ચ ગયો હતો. એ ઘણી વાર એના કાકાએ કરેલા ઉપદેશને સાંભળતો ન હતો, પણ એ પ્રાર્થના સેવા દરમ્યાન ચુપચાપ બેસી રહેતો હતો. થોડા રવિવારે પ્રાર્થના ના સમયે એ દીવાલમાં લાગેલા પાટિયા ગણતો હતો, અને થોડા રવિવારે એ એમની ગાંઠને ગણતો હતો. ગરમીના રવિવારવાળા દિવસે એ ખુલી બારીમાંથી બહાર કપાસના ખેતરોને જોતો હતો જે ચર્ચની આસપાસ હતા.

થોડા માટીના કીડા અને ભમરી ઘણીવાર ખુલી બારીમાંથી અંદર આવતા હતા અને ઉપાસકના માથાની ઉપર ગણગણતા હતા. અર્નેસ્ટ હસવા ચાહતો હતો જયારે મહિલાઓ એની પોકેટબુક અને પંખાથી ઉડતા જીવડાંને મારવાની કોશિશ કરતી હતી, પણ ત્યારે પાપા અર્નેસ્ટને જોઇને ગુસ્સો કરતા હતા.

એક રવિવારે ઉપદેશકોને એના ધર્મોપદેશની અધવચ્ચે રોકાવું પડયું જયારે એક ભમરીનું ઝુંડ વ્યાસપીઠના મંચ પર ચક્કર મારવા લાગ્યું. પછી બોર્ડના થોડા સદસ્યો મદદે આવ્યા અને ઘૂસણખોરને ભગાવી દીધા. અર્નેસ્ટની એક માસીએ કહ્યું કે શેતાને જ એ ભમરીને મોકલ્યા હશે. અર્નેસ્ટ એના વિષે નિશ્ચિત ન હતો, અને એ પાપાને એ સવાલ પૂછવાનું ભૂલી ગયો.

ક્યારેક ઉપદેશક ચમત્કારો વિષે વાત કરતા હતા. અર્નેસ્ટે લાલ સમુદ્રના બે ભાગમાં અલગ થવાની, અને જેરીકોની દીવાલો પડવાની કલ્પના કરી. એને ઈસુના ચમત્કારો વિષે સાંભળવાનું ગમતું હતું. એની સૌથી મનપસંદ વાર્તા એ હતી જયારે ઈસુએ એક નાના બાળકના બપોરના ભોજનમાંથી એક મોટા ટોળાને ભોજન કરાવ્યું હતું.

અર્નેસ્ટે ક્યારેય ચર્ચની એની રુચિ ખોઈ નહીં. જયારે એ કિશોરાવસ્થામાં પહોંચ્યો, તો એણે ભજન મંડળીમાં ગાયું અને રવિવારની સ્કૂલની કક્ષામાં ભણાવ્યું.

એના એક સગાંએ કહ્યું, "અર્નેસ્ટે જે કંઇ પણ કર્યું, એ હંમેશા બધાની આગળ રહ્યો. એ ક્યારેય ગાયની પૂંછડી ન બન્યો."

નેતૃત્વની એની એ ક્ષમતા એના જીવનના અન્ય ક્ષેત્રોમાં પણ જોવામાં આવી. જયારે એ સેલ્માની નોક્સ એકેડેમીમાં ભણવા ગયો તો એ એક ટોચનો વિદ્વાન અને 1943 ના સ્નાતક વર્ગનો અધ્યક્ષ હતો.



નોક્સ એકેડેમીમાં એક ખરાબ પુસ્તકાલય હતું, પણ ત્યાં એવા પુસ્તકો પણ હતા જે અર્નેસ્ટે પહેલા વાંચ્યા ન હતા. એ હજી પણ સેલ્માની કાર્નેગી લાઇબ્રેરીમાં જઇ શકતો ન હતો. એ હજી પણ વિચારતો હતો કે આખરે એવું કેમ? સ્નાતકના ભણતર પછી, અર્નેસ્ટે એક પ્રોજેક્શનિસ્ટ તરીકે કામ કર્યું અને નોર્થ બ્રોડ સ્ટ્રીટ પર સ્થિત એક રંગીન ફિલ્મ હાઉસ રોક્સી થીએટર સંભાળ્યું. 1943 ના ઉનાળાના અંતમાં એણે અમેરિકી નૌસેનામાં પ્રવેશ કર્યો.

જેમ એની ઉંમરના હજારો યુવાનો માટે સાચું હતું, બીજા વિશ્વ યુધ્દ્ધની સૈન્ય સેવાએ, અર્નેસ્ટનું જીવન બદલી દીધું. એની દુનિયા હવે ટાઇલર અને સેલ્મા સુધી સીમિત ન હતી. એ એવી જગ્યાએ ગયો, જેના વિષે એણે ફક્ત વાંચ્યું હતું, અને 1946 માં સેનામાંથી એની સન્માનજનક મુક્તિ પછી, એણે સૈનિક બિલ દ્વારા પ્રદાન કરવામાં આવેલા શૈક્ષણિક અવસરોનો લાભ ઉઠાવ્યો.

સૌથી પહેલા, એણે શિકાગોમાં અમેરિકી ટેલિવિઝન સંસ્થાનમાંથી સ્નાતક મેળવ્યું. પછી એ ન્યુયોર્ક ગયો, જ્યાં એ પૂરા સમયનું કામ કરતા, સીટી કોલેજમાં રાતની કક્ષાઓમાં ભણ્યો, અને બી. એસ. ગણિતની ડિગ્રી મેળવી. એણે સમય કાઢીને બેપ્ટિસ્ટ ચર્ચમાં ડીકન (ચર્ચની વ્યાવહારિક બાબતોની સંભાળ રાખનાર માણસ) તરીકે સેવા આપી, જે એના એક કાકાએ હાર્લેમમાં સ્થાપિત કર્યું હતું. અને એ પુસ્તકાલયોની મુલાકાત કરતો રહ્યો.



અર્નેસ્ટે ભણાવવાની પણ કોશિશ કરી, પણ એ ત્યારે નિરાશ થયો જયારે એની કક્ષાઓમાં કિશોરોએ ભણવામાં ઓછો રસ દેખાડયો. એના છાત્રોએ એને માટે ખુલેલા સારા પુસ્તકાલયોનો લાભ ન ઉઠાવ્યો, અને જયારે અર્નેસ્ટે એને સેલ્માની કાર્નેગી લાઇબ્રેરીમાં એની અસ્વીકૃતિ વિષે જણાવ્યું, તો એ અવિશ્વાસથી એની સામે જોવા લાગ્યા.

પછી થોડા મિત્રોએ સૂચવ્યું કે એ નાના બાળકોનું મનોરંજન કરવા અને એને નિર્દેશ આપવા માટે એની સ્વાભાવિક ક્ષમતાનો ઉપયોગ કરીને એને વાર્તા સંભળાવે, અને બાળપણની શિક્ષા પ્રદાન કરવામાં એની નવી કારકિર્દી શરુ કરે. એટલે અર્નેસ્ટે એ ક્ષેત્રમાં અધ્યયન કરવા સીટી કોલેજમાં ફરી નામ દાખલ કર્યું.

અર્નેસ્ટે બાળકો, બધી જાતના બાળકોને બહુ પ્રેમ કર્યો, અને એમણે એનો પ્રેમ સહર્ષ પાછો આપ્યો. સહકર્મીઓએ જોયું કે પૂર્વ-વિદ્યાલયના છાત્રોના સમૂહ બધી જગ્યાએ એનો પીછો કરતા હતા, અને એને વળગી રહેતા હતા અને એની વાતો સાંભળતા હતા અને હસતા હતા. અર્નેસ્ટ એના ત્રણ, ચાર અને પાંચ વર્ષના યુવાન છાત્રોને પુસ્તકાલયમાં લઈ જતો હતો. ત્યાં બાળકો પુસ્તકો ઉઠાવી શકતા હતા, એના પાના ફેરવી શકતા હતા, અને એના સુંદર ચિત્રોને જોઈ શકતા હતા.

"બાળકોને પુસ્તકોની જરૂરત હોય છે," એ કહ્યા કરતો હતો.

સાહિત્ય પ્રત્યે એની રુચિ અને યાત્રા પ્રતિ એનો ઉત્સાહ બંને એક સાથે કાયમ રહ્યા. એણે ન કેવળ અમેરિકાના બધા પચાસ રાજ્યોની યાત્રા કરી, પણ સાથે એણે ઓગણીસ દેશોની યાત્રા પણ કરી. એ જ્યાં પણ ગયા, એણે મિત્રો બનાવ્યા. અર્નેસ્ટ હંમેશા પરિવારના સદસ્યો અને મિત્રોને વિદેશમાંથી કાર્ડ મોકલતા હતા અને એના વિદ્યાર્થીઓ માટે ફોટા અને પુસ્તકો, વિદેશી ભાષાઓમાં પણ, ભેગા કરતા હતા.



જોકે એણે દુનિયાભરની યાત્રા કરી હતી, પણ અર્નેસ્ટ એ ક્યારેય ન ભૂલ્યા કે એ ક્યાંથી આવ્યા હતા. એ ટાયલર પરિવાર અને સેલ્માને ક્યારેય ભૂલ્યા નહીં. એ વારે-વારે ઘરે જતા હતા. એ એના માતા-પિતાને ન્યુયોર્ક લઇ આવ્યા હતા જેથી એ (એમનું એકમાત્ર સંતાન) એમની દેખભાળ કરી શકે. એ માતા-પિતાના મૃત્યુ પછી એના શરીરને ઇસાબેલા બેપ્ટિસ્ટ ચર્ચના કબ્રસ્તાનમાં દફનાવવા માટે ટાયલર પાછા આવ્યા.

એક યાત્રા દરમ્યાન એણે ન્યુયોર્કના એના એક મિત્ર, ડો. નોર્મલ પોલ સાથે સેલ્મામાં એક સવાર વિતાવી. એણે શહેરની વિવિધ વાસ્તુકલાઓને નિહારી અને શહેરની સડકો પર ટહેલ્યા. ત્યારે એનો રસ્તો એને સાર્વજનિક પુસ્તકાલય સુધી લઇ ગયો.

ડો. પોલે ટિપ્પણી કરી, "મને લાગે છે કે જયારે તમે મોટા થઇ રહ્યા હતા ત્યારે તમે અહીં ઘણો સમય વિતાવ્યો હશે."

"નહીં," અર્નેસ્ટે ઉત્તર આપ્યો. "નહીં. તમે ભૂલી રહ્યા છો કે હું એક અલગવાદી દક્ષિણમાં મોટો થયો હતો. મને પુસ્તકાલયમાં જવાની અનુમતિ ન હતી."

ડો. પોલ ચૂપ રહ્યા. પછી એણે મંદહાસ્ય કર્યું. "ઠીક છે, હવે આપણે અંદર જઇયે," એમણે કહ્યું.

અને એમણે એવું જ કર્યું.

પુસ્તકાલયના કર્મચારીઓએ એમનું ઉષ્માપૂર્વક સ્વાગત કર્યું, એને ઇમારતની ચારે બાજુ ફેરવ્યા, અને નવી સુવિધાઓમાં બાળકો માટે નવા વિંગને જોડવાની યોજના વિષે જણાવ્યું. અર્નેસ્ટે એની વાતો ધ્યાનથી સાંભળી.

બાળકોની વિંગનું નિર્માણ શરુ થતા પહેલા ઘણા મહિના યોજના અને ધન ભેગું કરવામાં લાગી ગયા. ક્યારેક પરિયોજના સાંભળતી સમિતિ નિરાશ થઇ જતી હતી અને હાર માની લેતી હતી. પણ જયારે એનો આત્મા ડૂબતો હતો અને ઉદાસી છવાઇ જતી હતી ત્યારે હંમેશા કોઇ એક ચમત્કાર થતો હતો.

એક દિવસ ઘણી વસ્તુઓ ખોટી થઇ ગઈ હતી, અને લોકો બહુ વધારે ઉદાસ હતા. ત્યાં એવા ખબર આવ્યા કે એક સંભવિત દાતા, એક વ્યક્તિ જેની પાસેથી વિત્ત સમિતિએ મોટું દાન મળવાની આશા રાખી હતી, એણે સમર્થન આપવાની ના પાડી.

સમિતિના એક સદસ્યે નિસાસો નાખતા કહ્યું, "કદાચ આપણે બાળકોની વિંગનું નિર્માણ કરવું જ જોઈતું ન હતું. આ સંકેત છે કે આપણે એ કાર્ય છોડી દેવું જોઇએ."

ત્યાં એક માનસિક રીતે વિકલાંગ બાળક, જે પુસ્તકાલયમાં આવવાનો આનંદ લેતો હતો, એની માઁ સાથે આવ્યો. એ ચેક-આઉટ ટેબલ પર ગયો અને ત્યાં એણે એનું પિગી-બેન્ક ખાલી કરી દીધું. જેવો કાઉન્ટર પર સિક્કા પડવાનો અવાજ આવ્યો, એણે સરળતાથી કહ્યું, "હું મારા પૈસા ભગવાનનું પુસ્તકાલય બનાવવા માટે લાવ્યો છું."

એ પછી એ યોજનામાં લોકોનો વિશ્વાસ ફરી ક્યારેય ડગમગ્યો નહીં.

જોકે, જેમ-જેમ ઈમારતનો ઢાંચો પૂરો થવામાં હતો, લાઇબ્રેરિયન પુસ્તકો સાથે નવા કબાટને ભરવા માટે ધન શોધવા માટે ચિંતિત હતી.

"જો આપણે બાળકો માટે પુસ્તકો ખરીદી શકીયે નહીં, તો આ અદભુત નવી ઇમારતનો શું ફાયદો? એને માટે પૈસા ક્યાંથી આવશે?" એ વિચારવા લાગી.

એક અન્ય ચમત્કારનો સમય થઇ ગયો હતો.

ત્યાં એક પત્ર આવ્યો, ન્યુયોર્ક પોસ્ટમાર્કવાળો પત્ર. એમાં લખ્યું હતું, "હું, અર્નેસ્ટ એલ. ડોસનની સંપત્તિના વહીવટકર્તા તરીકે એ ઘોષણા કરવા લખી રહ્યો છું કે મિસ્ટર ડોસને સેલ્મા પબ્લિક લાઇબ્રેરીને, એના લાભાર્થી તરીકે પસંદ કરી છે. અર્નેસ્ટના પરિવારના સન્માનમાં 10,000 ડોલરનું દાન આપવા માટે તમારા પુસ્તકાલયમાં આવીને મને બહુ ખુશી થશે."

ક્યારેક બધી જાતિના બાળકો, સેલ્મા લાઈબ્રેરીના વાંચન કક્ષમાં, એક કોમળ સ્મિત અને હસતી આંખોવાળા માણસનો દીવાલ પરનો ફોટો જોવા માટે રોકાય છે. મોટા ભાગના બાળકો ચિત્રની નીચે શિલાલેખ પર અર્નેસ્ટ ટી. ડોસન વાંચવા માટે બહુ નાના હોય છે, અને એ સમજવા માટે પણ બહુ નાના હોય છે કે તેઓ ક્ષમા અને પ્રેમના ચમત્કારથી ઘેરાયેલા છે.

સમાપ્ત